અપીલ અરજી નં.૨૯ તા.૨૬–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી રૂકસાના બસારતખાન પઠાણ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)
ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સ્લમઅપગ્રેડેશન સેલ
આસી. કમિશ્નર અને ઈ.ચા. ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (ઈલે. અને સેશ.)
ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રૂકસાના બસારતખાન પઠાણની તા.૨૨–૧–૧૦ની અરજીથી(૧) વેસ્ટઝોનના અડાજણ ગોરાટ વિસ્તારમાં જમીનના પ્લોટો ટી.પી. સ્કીમ નં.૧૪ ફા.પ્લોટ નં.૭૯ સુ.મ.ન.પા. ધ્વારા શોપીંગ સેન્ટર માટે, ટી.પી.સ્કીમ નં.૧૪ ફા.પ્લોટ નં.૧૩૦ ડિસ્ટ્રીકટ સેન્ટર માટે, ટી.પી. સ્કીમ નં.૧૪ ફા.પ્લોટ નં.૭૮ પોલીસ ચોકી માટે, ટી.પી. સ્કીમ. નં.૧૪ ફા.પ્લોટ નં.૧૫૭ ઈ.ડબ્લ્યુ એસ માટે, ટી.પી. સ્કીમ નં.૨૩ ફા.પ્લોટ નં.૭૩ કોમર્શીયલ ફોર સેલ માટે, ટી.પી. સ્કીમ નં.૨૩ ફા.પ્લોટ નં.૨૪ પાર્કીંગ માટે, ટી.પી. સ્કીમ નં.૨૩ ફા. પ્લોટ નં.૯૯ કોમર્શીયલ ફોર સેલ માટે, તેમજ ટી.પી. સ્કીમ નં.૩૦ ફા.પ્લોટ નં.૪૭ કયા હેતુ માટે રાખવામાં આવેલ છે. તેની તમામ માલિકી હકક કોર્પોરેશનનો છે તો ઉપયુકત સંજોગોમાં આ પ્લોટો કોને આપવાના છે? કયાં સુધીમાં આપવાના છે. તે અંગેની કોર્પોરેશનની ઠરાવની નકલ આપવા વિ. મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૬–૪–૧૦ ની **SMC/FAP/** નં.૨૯/૨૦૧૦–૧૧

શ્રી રૂકસાના બસારતખાન પઠાણની તા.૨૨–૧–૧૦ની અરજીથી (૧) વેસ્ટઝોનના અડાજણ ગોરાટ વિસ્તારમાં જમીનના પ્લોટો ટી.પી. સ્કીમ નં.૧૪ ફા.પ્લોટ નં.૭૯ સુ.મ.ન.પા. ધ્વારા શોપીંગ સેન્ટર માટે, ટી.પી.સ્કીમ નં.૧૪ ફા.પ્લોટ નં.૧૩૦ ડિસ્ટ્રીકટ સેન્ટર માટે, ટી.પી. સ્કીમ નં.૧૪ ફા.પ્લોટ નં.૭૮ પોલીસ ચોકી માટે, ટી.પી. સ્કીમ. નં.૧૪ ફા.પ્લોટ નં.૧૫૭ ઈ.ડબ્લ્યુ એસ માટે, ટી.પી. સ્કીમ નં.૨૩ ફા.પ્લોટ નં.૭૩ કોમર્શીયલ ફોર સેલ માટે, ટી.પી. સ્કીમ નં.૨૩ ફા.પ્લોટ નં.૨૪ પાર્કીંગ માટે, ટી.પી. સ્કીમ નં.૨૩ ફા.પ્લોટ નં.૯૯ કોમર્શીયલ ફોર સેલ માટે, તેમજ ટી.પી. સ્કીમ નં.૩૦ ફા.પ્લોટ નં.૪૭ કયા હેતુ માટે રાખવામાં આવેલ છે. તેની તમામ માલિકી હકક કોર્પોરેશનનો છે તો ઉપયુકત સંજોગોમાં આ પ્લોટો કોને આપવાના છે? કયાં સુધીમાં આપવાના છે. તે અંગેની કોર્પોરેશનની ઠરાવની નકલ આપવા વિ. મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબતે મળેલ માહિતી પૈકી પ્રશ્ન નં.૩,૪,૫ અને ૬ નો જવાબ સંતોષકારક ન મળેલ તથા પ્રશ્ન નં.૧,૨ નો જવાબ મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૨ તા.૩–૫–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુદ્દા નં.૩,૪,૫,૬ અંગે સંતોષ નથી તેવા વિધાન અંગે આપની પાસે ઉપલબ્ધ આધાર રજુ કરવા જણાવવામાં આવેલ સાથે જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતી પ્રત્યુતરની નકલ પણ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી કોઈ વિગતો અપીલ તબકકે અત્રેના વિભાગને મળેલ નથી તથા જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી અત્રેના વિભાગને મળેલ નથી. પરંતુ પક્ષકાર જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારને પાઠવેલ પ્રત્યુત્તરની નકલ તથા તબદીલીની નકલો અત્રેના ખાતાને જાણ અર્થે મોકલવામાં આવેલ.

અરજદારની તા.૨૨–૧–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન આરટીઆઈ/જાવક નં.૧૫૦૨ તા.૨૯–૧–૧૦ થી ૧. કાર્યપાલક ઈજનેર વેસ્ટઝોન અને નોર્થઝોન ૨. કાર્યપાલક ઈજનેર સ્લમ અપગ્રેડેશન સેલ ૩. ટાઉન પ્લાનરશ્રી ૪. સ્પે. ઓફિસર ઈલેકશન એન્ડ સેન્શસ ૫. જિલ્લા પોલીસ અધિકારી રુરલને તબદીલ કરવામાં આવેલ. કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી મુદ્દા નં.૧ અંગે ટાઉન પ્લાનરશ્રીને વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૭૩૬ તા.૨૬–૨–૧૦ થી નિયત સમય અવધિ બાદ ઘણા વિલંબથી તબદીલ કરવામાં આવેલ. જયારે મુદ્દા નં.૭ અંગે મ. જાહેર માહિતી અધિકારી ઈજનેરશ્રી તાપીપાળા યોજના રામનગર, ચાર રસ્તા, રાંદેરને તેમના પત્ર નં.આરટીઆઈ સેલ/૬૫૧ તા.૧–૨–૧૦ વિલંબથી તબદીલ કરવામાં આવેલ. અરજદારે માંગેલ માહિતી (૧) વેસ્ટઝોનના અડાજણ ગોરાટ વિસ્તારમાં જમીનના પ્લોટો ટી.પી. સ્કીમ નં.૧૪ ફા.પ્લોટ નં.૭૯ સુ.મ.ન.પા. ધ્વારા શોપીંગ સેન્ટર માટે, ટી.પી.સ્કીમ નં.૧૪ ફા.પ્લોટ નં.૧૩૦ ડિસ્ટ્રીકટ સેન્ટર માટે, ટી.પી. સ્કીમ નં.૧૪ ફા.પ્લોટ નં.૭૮ પોલીસ ચોકી માટે, ટી.પી. સ્કીમ. નં.૧૪ ફા.પ્લોટ નં.૧૫૭ ઈ.ડબ્લ્યુ એસ માટે, ટી.પી. સ્કીમ નં.૨૩ ફા.પ્લોટ નં.૭૩ કોમર્શીયલ ફોર સેલ માટે, ટી.પી. સ્કીમ નં.૨૩ ફા. પ્લોટ નં.૨૪ પાર્કીંગ માટે, ટી.પી. સ્કીમ નં.૨૩ ફા.પ્લોટ નં.૯૯ કોમર્શીયલ ફોર સેલ માટે, તેમજ ટી.પી. સ્કીમ નં.૩૦ ફા.પ્લોટ નં.૪૭ કયા હેતુ માટે રાખવામાં આવેલ છે. તેની તમામ માલિકી હકક કોર્પોરેશનનો છે તો ઉપયુકત સંજોગોમાં આ પ્લોટો કોને આપવાના છે? કયાં સુધીમાં આપવાના છે. તે અંગેની કોર્પોરેશનની ઠરાવની નકલ આપવા બાબત. (૨) કોસાડ ખાતે બનાવેલ એસએમસી કવાર્ટસ વિસ્તારમાં ૨૦૦૬ ના પૂરમા કેટલા ફુટ પાણી હતુ તેની વિગતવાર માહિતી આપવા બાબત. (૩) ભવિષ્યમાં સંજોગોવસાત ૨૦૦૬ જેવું ભયાનક પૂર આવે તો કોસાડ ખાતેના એસએમસીના આવાસોમાં તેની શું અસર પડે? એસએમસી કવાર્ટસમાં કેટલા ફુટ પાણી ભરાઈ શકે વિગતવાર માહિતી આપવા વિનંતી. (૪) કોસાડ વિસ્તારમાં હાલમાં કુલ વસ્તી કેટલી? તેમાં દલિતો કેટલા? મુસ્લીમો

કેટલા? અને અન્ય કેટલા? વિગતવાર માહિતી આપવા વિનંતી. (૫) ૧૯૯૨ ના કોમ્યુનલ રાઈટસ વખતે કોસાડમાં કેટલી જાન હાનિ અને માલહાનિનું નુકશાન થયેલું તે બાબતે કેટલી એફઆઈઆર નોંધાયેલ છે તેની વિગતવાર સંપૂર્ણ માહિતી આપવા વિનંતી. (૬) કોસાડ વિસ્તારમાં કેટલી ખાડીઓ આવેલી છે અને એસએમસી આવાસો ખાડીથી કેટલા અંતરમાં બનાવાયેલા છે? તેની માહિતી આપવા વિનંતી. (૭) અડાજણ ડેપો પાસે પાળાનું કામ અધવચ્ચે શા માટે અટકાવવામાં આવેલ છે તેનું આગળનું શું પ્લાનીંગ છે તે વિગતો આપવા વિનંતી. (૮) વેસ્ટઝોનમાં આવેલ બાપુનગર, સુભાષનગર, નહેરુનગર, જેપીનગર, જલારામ નગર ડીમોલીશનની ખાલી જમીન ઉપર કયા પ્રોજેકટ મુકવાની સંપૂર્ણ વિગત આપવા વિનંતી. જેના અનુસંધાને મુદ્દા નં.૩ અને ૬ બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ ધ્વારા પત્ર નં.એસયુસી /આ.નં.૨૬૬૬ તા.૨૨–૨–૧૦ થી મુદ્દા નં.૩ અંગે ભવિષ્યની માહિતી કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી જયારે મુદ્દા નં.૬ અંગે સદર મુદ્દો કતારગામ ઝોનને સ્પર્શે છે તે ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશનની જોગવાઈને આધીન ખાડીથી અંતર રાખી સુરત મહાનગરપાલિકાએ આવાસો બનાવેલ છે સદર મુદ્દા અંગે કતારગામઝોન તરફથી પત્ર નં. નોર્થઝોન/આ.નં.૮૦૮૩ તા.૨૦–૨–૧૦ થી " નોર્થઝોન(કતારગામ) માં નવા સમાવિષ્ટ થયેલ વિસ્તારો પૈકી મોજે કોસાડમાં એક મોટી ખાડી આવેલ છે જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન નં.૧૪ મુજબ ખાડીથી ૯ મી.માર્જીન છોડયા બાદ બાંધકામ કરી શકાય છે. સુરત મહાનગરપાલિકાના કોસાડ ખાતે બાંધવામાં આવેલ આવાસો તે અંતર કરતાં વધુ અંતર છોડીને બાંધકામ કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૨૬–૪–૧૦ ના રોજ અપીલ અરજી કરી મુદ્દા નં.૩,૪,૫ અને ૬ નો જવાબ સંતોષકારક મળેલ નથી તથા મુદ્દા નં.૧ અને ૨ નો જવાબ મળેલ નથી તથા તેની પાછળ જોડેલ અરજીના સંપૂર્ણ જવાબ મળેલ નથી તો તે બધા પ્રશ્નોના સંતોષકારક બાબતે તાકીદે આપવા મહેરબાની કરશો તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે બાબતે અરજદારને અપીલ તબકકે તક આપી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૨ તા.૩–૫–૧૦ થી મુદ્દા નં. ૩,૪,૫ અને ૬ અંગે સંતોષ નથી તેવા વિધાન અંગે તેઓ પાસે ઉપલબ્ધ આધાર રજૂ કરવા જણાવવામાં આવેલ તથા જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતીના પ્રત્યુત્તરની નકલ પણ રજૂ કરવા જણાવવામાં આવેલ. તેમ છતાં અરજદાર તરફથી અપીલ સાથે કે અપીલ તબકકે આવી કોઈ વિગતો અત્રે પૂરી પાડવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ વિગતોમાં મુદ્દા નં.૩ અને ૬ ની વિગતો પૂરી પાડેલ જણાય છે. જયારે મુદ્દા નં.૪ ની માહિતી બાબતે સંતોષ નથી તે અંગે અરજદારે તથા જાહેર માહિતી અધિકારી તરફથી અત્રે કોઈ વિગતો મળેલ નથી . તેમજ અરજદારે કઈ બાબત હેઠળ સંતોષકારક નથી તેના કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી. જયારે મુદ્દા નં.૫ અંગે અરજી સ ે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૫૦૨ તા.૨૯–૧–૧૦ થી અરજદારની જાણ હેઠળ અન્ય સત્તા મંડળને તબદીલ કરવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. જયારે મુદ્દા નં.૭ અંગે પણ અન્ય જાહેર સત્તા મંડળને તબદીલ થયાનું જણાય છે. જયારે મુદ્દા નં.૧ ની માહિતી જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગને કલમ–૬(૩) થી ઠરાવેલ સમય અવધિ કરતાં ઘણા વિલંબથી તબદીલ થયેલ જણાય છે. તથા મુદ્દા નં.૨ તથા ૪ ની માહિતી અંગે જાહેર માહિતી અધિકારી નોર્થઝોન ખાતેથી અન્ય કોઈ સત્તા મંડળ કે જાહેર માહિતી અધિકારીને તબદીલ કે મોકલાયેલ જણાતી નથી કે તે માહિતી અંગે કાયદાની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ તેઓ તરફથી ઈન્કાર કરવામાં આવેલ જણાતો નથી. સદર વિસ્તાર સુમપાનો ભાગ હોય તે સંજોગોમાં મુદ્દા નં.૨ અને ૪ ની માહિતી તત્કાલીન દફતરી વિગતે અનુક્રમે જાહેર માહિતી અધિકારી નોર્થઝોન તથા જાહેર માહિતી અધિકારી ઈલેકશન અને સેન્સસ પાસે હોવાનું અનુમાનિત છે.

અરજદાર ધ્વારા પણ અપીલ અરજી લગભગ એક માસના વિલંબથી કરેલ છે તથા તે અંગે વિલંબનું કોઈ વાજબીપણું કલમ–૧૯(૧) હેઠળ જણાવેલ નથી તેમ છતાં કાયદાના હાર્દ અને ભાવનાને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવે છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૧–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી પૈકી મુદ્દા નં.૧,૨ અને ૪ ની જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં પૂરી પડાયેલી માહિતી પૈકી જો મુદ્દા નં.૧ અને ૪ ની માહિતી અનુક્રમે જાહેર માહિતી અધિકારી ડે.કમિશ્નર(પીએન્ડડી) તથા આસી. કમિશ્નર અને ઈ.ચા. ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી ઈલેકશન એન્ડ સેન્સશ તરફથી પૂરી પડાયેલ ન હોય તો અરજદારની વિલંબિત અપીલ ધ્યાને લેતાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની દસ્તાવેજ ફી લાગુ કિસ્સામાં ભરપાઈ કરાવી અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અનુક્રમે જાહેર માહિતી અધિકારી (પીએન્ડડી) તથા આસી. કમિશ્નર અને ઈ.ચા. ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી ઈલેકશનને જણાવવામાં આવે છે. તથા મુદ્દા નં.૨ ની નહીં પૂરી પડાયેલ દફતરી ઉપલબ્ધ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશ્નર(પઅનેઈ) નોર્થઝોનને આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ –૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત દસ્તાવેજ ફી ભરપાઈ કરાવી અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૦

ડે.કમિશ્નર,(જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન), ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન),કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સ્લમઅપગ્રેડેશન સેલ, આસી. કમિશ્નર અને ઈ.ચા. ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી(ઈલે. અને સેશ.), ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી, ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (આર ડી.ડી.), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ)....જાણ તથા અમલ માટે

(૨) શ્રી રૂકસાના બસારતખાન